આજથી શિવાલયો ઉભરાશે

આખો મહિનો ભકિતમય માહોલ છવાયેલો રહેશે : ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

શિવાલયો-મંદિરો હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નારાથી ગુંજી ઉઠશે

ગાંધીનગર, તા.૬

અતિપવિત્ર એવા શ્રાવણ માસનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. ભાવિકોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. આ આખો મહિનો મંદિરોમાં ભાવિકોની ભીડ જામેલી રહેશે.

આખો શ્રાવણ માસ ઉપવાસ કરવાના છે તેઓએ મંગળવારથી જ ઉપવાસ શરુ કરી દીધા છે. મંદિરો

(તસવીર : દિપક જાની)

ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ ઠેર ઠેર થયુ છે.

શિવભકિત માટે ઉત્તમ ગણાતા એવા શ્રાવણ માસનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. પવિત્ર શ્રાવણ માસને આવકારવા માટે ભાવિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જે ભાવિકો શિવાલયો શણગારવામાં આવ્યા છે. આખો મહિનો ભકિતનો હોવાથી ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું છે. લઘુરુદ્ર, મહારુદ્ર, શિવકથા, શિવ મહિમ્ન પાઠ જેવા કાર્યક્રમો આ વર્ષે શહેરમાં મોટા પાયે યોજાશે. આખું વર્ષ એકાદ-બે પ્રસંગોને બાદ કરતાં મંદિરનું ડગલુંય ન ચઢતા ઘણા યુવાનો શ્રાવણ માસ આવતા જ એકદમ ભાવિક થઈ જાય છે. ભાવિકોના સમુહમાં મહિલાઓનો પણ વિશેષ સમાવેશ થાય છે. આ શિવમય ભાવિકો દરરોજ જળ અભિષેક અને દુધ અભિષેક તથા વિશેષ પૂજા માટે મંદિરમાં ભીડ જમાવશે. વહેલી સવારથી જ મંદિરો-શિવાલયોમાં હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નારા ગુંજવા લાગશે.

શ્રાવણ માસ હોવાથી ઘણા એકટાણું કરી ફરાળ કરશે. બજારોમાં કેળા, સફરજન જેવા ફળોનું આગમન થઈ ચુકયું છે. અને શ્રાવણ માસના પ્રારંભે જ તેની ખરીદીમાં ઉછાળો આવ્યો છે. પૂજાપાની સામગ્રીનું વેચાણ પણ વધ્યું છે. ફરસાણની દુકાનોમાં ફરાળની જાતભાતની આઈટમો અત્યારથી જ વેચાઈ રહી છે. જેની ખરીદી પણ વિશેષરૂપે થઈ રહી છે. મુસ્લિમોનો રમઝાન માસ હવે પૂર્ણતાના આરે છે ત્યાં જ શ્રાવણ માસ શરૂ થતાં ધાર્મિક માહોલ યથાવત રહેશે. શહેર આખું ધાર્મિક કાર્યક્રમો અને વ્રત-ઉપવાસના મુડમાં હોય તેવું લાગી રહ્યું છે.

બિલ્લી માસી ઝાડ પર - વાહન વ્યવહારની ભાડભીડ વચ્ચે સ્વ-સુરક્ષાના પાઠ ભણ્યા સિવાય બિલ્લી માસી ફટાક દઈને ઝાડ પર ચડી જાય છે.... બિલાડી બિક્કણ ભલે હોય પણ ચતુર અને ચબરાક એટલી જ હોય છે... કૂતરાને હંફાવે, માણસને દોડાવે અને છતાં ઉંદર પકડવા દોડે એવી ચબરાક અને ચતૂર બિલ્લી માસીને આજના સમયમાં જાહેર માર્ગ પર જોવી અનેરો લ્હાવો છે.... પર્યાવરણના જતન માટે આપણે સૌ આવા આપણા પ્રાણીઓની અને પશુઓની રક્ષાએ કરીએ એ સમયની માંગ છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

ખૂણે... ...ખાંચરેથી

- આજે અધિકારીઓએ મંગળવારનો દિવસ ધારાસભ્યો માટે નિયત થયેલો હોવા છતાં વિડીયો કોન્ફરન્સમાં વધારે વિતાવ્યો.
- કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સદાનંદ ગૌડા આજે ગાંધીનગરમાં સોપારી ઉત્પાદકોના પ્રશ્ને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેમણે તેમની સાથે રાજકીય ચર્ચાઓ થઈ હોવાનો ઈન્કાર કર્યો હતો.
- જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે આજે મામલતદાર કચેરી, પ્રાંત કચેરી તેમજ આધાર કાર્ડ માટેની વ્યવસ્થાની ઓચિંતી મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર સે. ૨૩ની એસ.જી. પટેલ વિદ્યાલયે વિદ્યાર્થીઓને મુકવા આવતા વાલીઓને પણ ફેશનેબલ કપડાં પરિધાન કરી નહિ આવવાની સૂચના લગાવી છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ પંચાયત પરિષદની કારોબારીમાં હાજરી આપવા આજે કચ્છ જઈ રહ્યા છે. અબડાસા તાલુકાના સુથરીગામે આ કારોબારી મળવાની છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક ૮મી ઓગષ્ટના રોજ મળશે.
- ગાંધીનગરના મુખ્ય શાકમાર્કેટમા 'આજે કચરામાંથી ખાતર બનાવવા અંગેના પ્રોજેક્ટનું નિદર્શન યોજાયું હતું. જેને લોકોએ આવકારી કોર્પોરેશને આવુ વસાવુ જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો. એકસેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આ મશીન ટ્રક પર ફીટ કરી દેવાયું છે જેથી તે મુવેબલ છે.
- કલાગુર્જરી દ્વારા ૧૦મીએ 'પ્રેમરસ બરસે બ્રીજમાં' નાટકનું આયોજન કરાયું છે.

ડેપો સંકુલમાં વિવિધ ૬ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવાશે

વાયરીંગનું કામ શરૂ : મેઈનગેટ, પાર્કીંગ અને બસસ્ટોપ સહીતનો વિસ્તાર કેમેરાની કેદમાં રહેશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર એસ.ટી.ડેપોને મોડેલ ડેપો બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની વાત હજુ અધ્ધરતાલ છે. બીજીતરફ ડેપો સંકુલને કેમેરામાં કેદ કરવા સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. ડેપોમાં વિવિધ ઠેકાણે ૬ સી.સી. ટી.વી. કેમેરા લગાવાશે.

શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ ચોકી શરૂ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે પરંતુ ડેપો સંકુલમાં વધતી ચોરી અને તસ્કરીના અંતે પણ યોગ્ય પોલીસ પહેરો ગોઠવી શકાયો નથી. એકબાજુ એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. ડેપોને નવી બસો ફાળવવા ઉપરાંત મુસાફરોને લગતી અન્ય સુવિધાઓ ઉભી કરવા પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ત્યારે મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. આવા સંજોગોમાં આમ નાગરિકોની સલામતીને ધ્યાને લઈ એસ.ટી. નિગમ દ્વારા હવે સમગ્ર ડેપો સંકુલમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ ડેપો સંકુલમાં વાયરીંગનું કામ શરૂ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ડેપોમાં વિવિધ ૬ જેટલા સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવશે. જેમાં ડેપો સંકુલના મુખ્ય ગેટ, પાર્કીંગ તેમજ શહેરી અને ગ્રામ્ય બસ સ્ટોપ પર કેમેરા લગાવવામાં આવશે. ડેપોને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવાનુ કામ હાથ ધરાતા ચોર ઈસમો અને શકમંદોની હીલચાલ ઉપર પણ ધ્યાન રહેશે.

સ્ટોર્મ વૉટર લાઈનના અભાવે સેક્ટરોમાં ઉભરાતું વરસાદી પાણી

માત્ર ૭ સેક્ટરોમાં જ કામ થયું છે સેક્ટરોના રીંગરોડ અને એપ્રોચ માર્ગ પર લાઈન નાંખવાની દરખાસ્ત પડતર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં સતત વરસાદના લીધે પાણીના ખાબોચિયા ઉભરાઈ રહ્યા છે. વરસાદી પાણીનો નિકાલ ન થતો હોય તેવા નવા મચ્છરો ઉત્પત્તિસ્થાનો પણ નજરે પડ્યા છે. શહેરમાં સ્ટોર્મ લાઈનનું કામ માત્ર સાત સેક્ટરોમાં જ થઈ શક્યું છે. ત્યારે શહેરના ઈન્ટરનલ રીંગ રોડ અને એપ્રોચ માર્ગને અનુલક્ષી સ્ટોર્મ લાઈનનું કામ હાથ ધરવાની દરખાસ્ત હજુ પડતર છે. જેના પરિણામે વરસાદી પાણીનો નિકાલ ન થતાં તંત્રએ દોડતા થવાનો વારો આવ્યો છે.

શહેરમાં અગાઉ કેટલાક સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સે. ૨૦, ૨૧, ૨૪ અને સેક્ટર-૨૭ થી ૩૦માં સ્ટોર્મ વોટરની લાઈન નાંખવામાં આવી હતી જ્યારે બાકી રહેતા અન્ય સેકટરો માટે આ કામગીરી આગળ ધપાવા વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ સેક્ટરોના આંતરિક માર્ગો પર અન્ય ગેસ લાઈન, વીજળીની લાઈન તેમજ ગટર લાઈન સહિતની પાઈપ લાઈનો પસાર થતી હોવાથી સ્ટોર્મ વોટર પ્રોજેક્ટનું કામ મુશ્કેલ બન્યુ હતુ. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા સેક્ટરોના ઈન્ટરનલ રીંગ રોડ અને એપ્રોચ પાસે વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા રીવાઈઝ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી પરંતુ આ દરખાસ્તને હજુ મંજુરી આપવામાં આવી નથી. જેના પગલે આ કામગીરી અપૂર્ણ છે. બીજી તરફ હાલ સતત વરસાદના કારણે સેક્ટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા છે. આખા સંજોગોમાં રોગચાળા જોર પકડે એવી સ્થિતિ છે. તંત્ર પણ વોટર લોગિંગ સાઈટોની યાદી બનાવી વરસાદી પાણી ઉલેચવા કામે લાગ્યું છે.

ઉઘાડ નીકળતા રસ્તા સફાઈની કામગીરી આરંભાઈ

ગાંધીનગર, તા. ૬

છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા તંત્ર દ્વારા વિવિધ માર્ગોની સફાઈ હાથ ધરવામાં આવી છે. વરસાદમાં ધોવાયેલા માર્ગો પર ડામરની કાંકરીઓ ઉડતી અટકાવવા સફાઈ ઉપરાંત સ્પ્રે કરીને ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી છે.

શહેરમાં છેલ્લા દોઢ મહિનાથી વરસાદના હળવા-ભારે ઝાપટા વરસતા મુખ્યમાર્ગો સહીત સેક્ટરોના આંતરિક માર્ગોનું ધોવાણ થયું છે. સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગો પરથી ડામરની કાંકરીઓ ઉખડતા વાહનચાલોકોએ પારાવાર પરેશાની વેઠવી પડે છે, જ્યારે છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા વરાપ નીકળ્યો છે. આ દરમિયાન વરસાદની ગેરહાજરી વચ્ચે તંત્ર દ્વારા માર્ગ સફાઈનું કામ શરૂ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉઘાડ નીકળતા શહેરના સેક્ટરોમાં વરસાદી પાણીના ભરાવા સંદર્ભે પણ સર્વે કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત માર્ગોનું ધોવાણ થતાં પથરાયેલી ડામરની કાંકરીઓ સાફ કરવા તંત્રની ટીમ કામે લાગી છે જ્યારે માર્ગોના ધોવાણ બાદ વાહનચાલકોની પરેશાની દૂર કરવા તેમજ રસ્તાઓને થતુ નુકશાન અટકાવવા સ્પ્રે છાંટવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત માર્ગો આસપાસ સ્થિત ફૂટપાથ ઉપર પણ ઘાસ ઉગી નીકળ્યું છે. ઘાસ દૂર કરવા પણ સફાઈ કામ શરૂ કરી દેવાયુ હોવાનુ સૂત્રોએ જણાવ્યું છે.

સનદી અધિકારીઓની પત્નીના સંગઠ્ને ઝુંડાલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજ્યો

ગાંધીનગર, તા. ૬

આઈ.એ.એસ. આઈ.પી.એસ. વાઈફ એસોસીએશન દ્વારા આજે ઝુંડાલ ખાતે એક સર્વરોગ નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ૧૬૭ જેટલા લોકોએ લાભ લીધો હતો.

આ સર્વરોગ નિદાન યજ્ઞમાં ૧૩ વર્ષના એક યુવકને આર.બી.એસ. ૧૩૦ થી પણ ઉપર આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૧/૨ વર્ષના એક બાળકને શાળા-આરોગ્ય ચકાસણી અંતર્ગત અસ્થિરોગની સારવાર માટે ગાંધીનગર સિવિલમાં રિફર કરવામાં આવેલ છે.

શ્રીમતિ વરેશ સિંહા, શ્રીમતિ દિપા પાઠક. શ્રીમતિ ભાટિયાના નેતૃત્વમાં આજે ૫૦ થી પણ વધુ અધિકારીઓની મહિલાઓએ આ સર્વરોગ નિદાન યજ્ઞમાં વિશેષ હાજરી આપી અને ગ્રામજનોને સેવા સુશ્રુષા કરી હતી.

તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરીશ ત્રિવેદી, ડૉ. અમીષા પટેલ (આયુષ) ડૉ. સંગીતા પટેલ (આયુષ) એ આ કેમ્પમાં હાજર રહી તબીબી સેવાઓ આપી હતી. આ કેમ્પમાં આયુર્વેદ તેમજ એલોપથીની દવાઓ પણ પુરી પાડવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

બિસ્માર એન્જિન - એન્જિનને બિસ્માર હાલતમાં જોવાની લાચારી આજકાલ ગાંધીનગર ભોગવે છે... એન્જિન એટલે જ દોડતું યંત્ર... એન્જિન એટલે ગતિનું પ્રતિક, એન્જિન એટલે લક્ષ્ય સુધી પહોંચવાના કાફલાનું નેતૃત્વ, પરંતુ અહિયા વિરોધાભાસી તસવીર છે... નગરના બાલોદ્યાન અર્થાત્ સેક્ટર-૨૮ના બગીચામાં બાળકો માટે દોડતી ત્રણ ડબ્બાની આગગાડીનું એન્જિન કેટલાય વખતથી બંધ હાલતમાં છે.

સે. ૭ અને ૧૩માં આવાસોના રીનોવેશન માટે ૬૩ લાખ ખર્ચાશે

'જ' અને જ-૨ કક્ષાના આવાસોની મરામત કરાશે

ગાંધીનગર, તા. ૬

શહેરમાં સે. ૭ અને સે. ૧૩માં જ અને જ-૨ કક્ષાના આવાસોના રીનોવેશન પાછળ રૂ. ૬૩ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. વિવિધ આવાસોમાં બારી-દરવાજા ઉપરાંત ધાબા લીકેજીસને ડામવા ચાઈના મોજેકનું કામ પણ હાથ ધરવામાં આવશે.

શહેરમાં સ્થિત સરકારી આવાસોના મજબુતીકરણ અન્વયે તબક્કાવાર વિવિધ કામોને મંજુરી આપવામાં આવી છે. શહેરના સેક્ટરોમાં સ્થિત હજારો આવાસો પૈકી હજુ મોટાભાગના મકાનો બિસ્માર હાલતમાં છે. ભયજનક બનતા સરકારી આવાસોની છત પણ સલામત ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ચોમાસાના દિવસોમાં સરકારી આવાસોની છતમાંથી પાણી ટપકતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્ભવી છે. શહેરમાં સરકારી આવાસોના મજબુતીકરણની યોજના અન્વયે હજુ માંડ ૪૦ ટકા કામગીરી જ થઈ શકી છે. જ્યારે આવાસોની મરામત માટે તબક્કાવાર કામોને મંજૂરી અપાતા અગ્રતાક્રમ નક્કી કરી રીનોવેશન હાથ ધરવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૭ ખાતે સે. ૧૩માં 'જ' અને જ-૨ કક્ષાના જુદા જુદા બ્લોકના મકાનોનું રીનોવેશન હાથ ધરવામાં આવશે. આ મકાનોમાં બારી દરવાજા અને ચાઈનામોજેક સહીતનું કામ પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત સે. ૭માં જરૂરી ગટર લાઈનની કામગીરી માટે પણ રૂ. ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. સરકારી આવાસોની મરામત અન્વયે સે. ૭માં રૂ. ૪૫ લાખના ખર્ચે કામ હાથ ધરાશે જ્યારે સે. ૧૩માં પણ રૂ. ૧૮ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, સેક્ટર-૨૫, ક-રોડ, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ધી ટેસ્ટ ઓફ કેપિટલ

મધુર ડેરી દ્વારા ઉત્પાદિત દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ અને વિતરણ કરવા અંગેનું મેઈન ગેઈટ ઉપરનું પાર્લર એજન્સીના ધોરણે ભાડેથી ચલાવવા આપવાનું છે. તા. ૭-૮-૨૦૧૩ થી તા. ૧૦-૮-૨૦૧૩ સુધીમાં અરજી ફોર્મ મેળવીને તા. ૮-૮-૨૦૧૩ થી તા. ૧૨-૮-૨૦૧૩ સુધીમાં ભરીને બપોરના ૧.૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં, કવર ઉપર 'મેઈન ગેઈટ પાર્લર એજન્સીના ભાવ' લખીને રૂબરૂમાં પરત કરવાનું રહેશે. વધુ માહિતી માટે માર્કેટીંગ વિભાગનો સંપર્ક કરવો.

મેનેજીંગ ડીરેક્ટર

કોબા રોડ પરના લારી ધારકોનો ધંધો અસ્તવ્યસ્ત

સી.એમ.ના અવર-જવરના રૂટ પરની તમામ લારીઓ પર દરરોજ પોલીસના સપાટાથી નાના વેપારીઓ મુંઝવણમાં

ગાંધીનગર, તા. ૬

એક તરફ પોલીસ દ્વારા બુટલેગરોને સમાજમાં માન સન્માન મળે તે હેતુથી એન.જી.ઓ. મારફતે તેમના પુનર્વસન માટે રોજગારીની તકો ઉભી કરવા મોટા મોટા કાર્યક્રમો યોજાય છે. તો બીજી તરફ જૂનો ધંધો ભુલીને વેપાર સ્વરૂપે નાની લારી ખોલીને કે સ્વરોજગારી મેળવવા ઉધારમાં લારી ખરીદી નાનો વેપાર શરૂ કરનાર લારી ધારકો ફરીવાર જૂના વ્યવસાય તરફ વળે તેવા સંજોગો ઉભા થયા છે. સી.એમ. સુરક્ષા માટે દરરોજ તેમના રૂટમાં આવતા તમામ નાના વેપારીઓ પર પોલીસ દ્વારા સપાટો બોલાવાતો હોવાથી હવે તો સાંજ પડતા તેમને ટંકનું જમવા માટે પણ મુશ્કેલ બન્યું છે અને પરિવારના સભ્યોને જવાબદારી શિરે લઈને બેઠેલા આ નાના વેપારીઓ પોતાના જમવા માટે પણ વલખા મારે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં દેશી-વિદેશી દારૂનો વેપાર કરતી મહિલા બુટલેગરોને આ વેપારમાંથી મુક્ત કરાવી અન્ય વેપારધંધો કરી પોતાનું અને પરિવારનું ગુજરાન સ્વમાનભેર ચલાવી શકે તે હેતુથી નીતનવા કાર્યક્રમો યોજવામાં આવે છે અને પોલીસ અને પ્રજા વચ્ચેનો સેતુ મજબુત બનાવાની સુફીયાણી વાતો પોલીસ દ્વારા કરવામાં આવે છે. દારૂનો વેપાર છોડીને ચ-૦ થી કોબા સર્લ સુધી મકાઈનો વેપાર

● અનુસંધાન પાન-૭ પર

મકાન ભાડે આપવાનું છે

સેક્ટર-૧૪, ગાંધીનગરમાં મકાન ભાડે આપવાનું છે.

મો. : ૯૭૨૩૫૦૦૦૬૪

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-25, Gandhinagar.
Ph. : 079-232 87364, Fax : 079-232 87292
email : info@abhaydecorators, www.abhaydecorators.com

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈષ્ણી ટ્રેડર્સ
સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com